જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સ: ૨૫૬૩૦૬૦૦


તા.૯/૬/૨૦૧૫ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૧૭૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૪૯ લીટર દેશી દારૂ, ૪૯૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ રિક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૪,૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૧/૧૫**

**ગોમતીપુરઃ (૧)** લીલાબહેન છગનભાઇ કહાર (રહે.ગોમતીપુર ગરીબ આવાસ યોજનાના મકાન હોજવાળી ચાલીની સામે ગોમતીપુર) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૬/૧૫ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી માનસી ઉર્ફે હિના (ઉ.વ.૧૬) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોઈશ્રી જે ડી ડાંગરવાલા ચલાવે છે.

**(૨)** સરોજબહેન રાજકુમાર મોરીલાલ (રહે.ગોમતીપુર ગરીબ આવાસ યોજનાના મકાન હોજવાળી ચાલીની સામે ગોમતીપુર) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૬/૧૫ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી નિલમ (ઉ.વ.૧૭) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે ડી ડાંગરવાલા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૨/૧૫**

**બાપુનગરઃ** ગોપીબહેન હસમુખભાઈ સુદાણી (રહે.સેટેલાઈટ કોમ્પ્લેક્ષ માનસી સર્કલ વસ્ત્રાપુર) એ તા.૮/૬/૧૫ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૬/૧૫ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે બાપુનગર વિરાટનગર ચાર રસ્તા પાસે આવેલ અમી સ્ટીલની દુકાન નજીકથી ૧૩૦ મીટર એલ્યુમિનિયમ વાયર કિમત રૂપિયા ૫૦,૦૦૦-/ ટેમ્પામાં ભરી બે અજાણ્યા પુરૂષો ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી ધનજીભાઈ શંકરભાઈ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**શહેરકોટડાઃ** અરવિંદકુમાર કદનમલ શાહ (રહે.કેશવબાગ કોલોની કોઠારી ટાવર પાસે સાબરમતી) એ તા.૮/૬/૧૫ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૬/૧૫ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે ગોડાઉનમાં કામ કરતા આરોપી (૧) રાજુભાઈ નેપાલી (રહે.હરણી એવન્યુ સિંદાબાજ હોટલની બાજુમાં છત્રાલ, કડી) (૨) ડાહ્યાલાલ ઉર્ફે બાદલ ભગવાનભાઈ પટેલ (રહે.વનમાળી માતાની પોળ શાહપુર) અને (૩) લોરેન્સ ઉર્ફે લાલો (રહે. મુક્તિપુરા બારેજા) ભરતખંડ મીલ કંપાઉન્ડમાં આવેલ ગોડાઉનમાંથી કાપડના સાત રોલ કિમત રૂપિયા ૧,૧૦,૦૦૦/- ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન આર મકવાણા ચલાવે છે.

**<u>સોનાનુ મંગળસુત્ર ખેંચી તોડી લઈ જવા બાબતઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૮૩/૧૫</u>**

**નરોડાઃ** નીતાબહેન હિમ્મતસિહ આડા ( રાજપુત) (રહે.રાજકુમાર એપાર્ટમેન્ટ ચેહરનગરની બાજુમાં સૈજપુર નરોડા) પોતાના મકાનના ધાબા ઉપર સુતા હતા ત્યારે તા.૮/૬/૧૫ કલાક ૪/૦૦ વાગ્યાના સુમારે અજાણી વ્યક્તિ નીતાબહેનના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૩૬,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગઈ હતી. આ અંગેની ફરીયાદ નીતાબહેન આડાએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એચ જાડેજા ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)